# સાચું ગામ




રવિપુર નામનું એક નગર.

તેમાં અનેક જ્ઞાતિના-જાતિના લોકો રહેતા. હિન્દુ મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શીખ વગેરે કોમના લોકો વસતા.

આ શાળામાં વિવિધ ધર્મનાં બાળકો ભણે. ભલાભાઈ આ શાળાના આચાર્ય. શાળામાં કરીમ નામનો એક વિદ્યાર્થી. પાંચમા ધોરણમાં ભણે. ભણવામાં ખૂબ જ હોંશિયાર. લગભગ પ્રથમ નંબર જ મેળવે. બધા તેની વાહ વાહ કરે. તેના પિતા ઈસુબભાઈ. તેઓ ખૂબ જ માયાળુ, પ્રામાણિક. બધા જ ધર્મોનો સમાન આદર કરે.

પરંતુ એકસરખા દિવસો કોના જાય છે ? એવી જ ઘટના ઈસુબભાઈના પરિવાર માટે બની. ધરતીકંપ થયો. ગામના ઘણા લોકોના મકાન પડી ગયા. મોટા ભાગના માણસોની જાનહાની થઈ નહિ, પરંતુ... ઈસુબભાઈ જેવા ઘરની બહાર નીકળતા હતા કે તરત જ તેમના પર ઘરનું બારણું પડ્યું. તેઓને માથામાં સખત વાગ્યું. તેમને ગંભીર ઈજા થઈ. ખૂબ જ લોહી વહી ગયું લોહીનું આખું ખાબોચિયું ભરાઈ ગયું. ઈસુબભાઈ અલ્લાહના પ્યારા થઈ ગયા. આખા ગામમાં હાહાકાર થઈ ગયો.

ભલાભાઈ સાહેબે જાણ્યું. આ ઉંમરે કરીમના માથે આભ ફાટ્યું. કરીમની મા તે જુબેદાબહેન. તેમના દુ:ખનો કોઈ પાર નહિ.

ગામના સરપંચ તે કનુભાઈ. પોતે ખૂબ જ ઉદાર. ભલાઈના કામથી જ રવિપુરમાં

જાણે કે ‘સૂર્ય’ ઊગ્યો હતો ને ?

ઈસુબભાઈના માટે આખા ગામને બહુમાન હતું. તેઓએ જીવતાં ઘણાં જ ભલાઈના કામો કર્યાં હતા તે કોણ ભૂલી શકે ?

ને પછી ઈસુબભાઈના પરિવાર માટે લોકફાળો એકઠો કરવાનો નિર્ણય લેવાયો. બધા જ ધર્મના લોકોએ પોતાની શક્તિ પ્રમાણે ફાળો આપ્યો. “કાંકરે કાંકરે પાળ બંધાય. ટીપે ટીપે સરોવર ભરાય. ” એ કહેવત પ્રમાણે ગામના દરેક માણસ નાના નાના ફાળાથી મોટામાં મોટી રકમ બની. ઉપરાંત સરકારે પણ તેમને મદદ આપી. ઈસુબભાઈના પરિવારને નાણા માટે કોઈ મુસીબત રહી નહિ.

વાત આટલેથી અટકી નહિ.

ભલાભાઈ સાહેબે પણ તેમની શાળાના બાળકોને હૃદયપૂર્વકની વિનંતી કરી. “કરીમને મદદ કરવી જોઈએ. ” તેમણે સાચી સમજણ આપી. બાળકોને તો આ વાત ગળે ઊતરી ગઈ. તરત જ સમજાઈ ગઈ ને તે પછી શાળાના એકેએક બાળકે પોતાની શક્તિ પ્રમાણે ફાળો આપ્યો. કરીમ તો આભારવશ બની ગયો. જુબેદાબહેન પણ બાળકોની આવી ઊંચી ભાવના માટે વંદી રહ્યા.

તે પછી કરીમ ભણવામાં વધુને વધુ કાળજી રાખવા લાગ્યો. પોતે શાળામાં જ નહીં, જિલ્લામાં પ્રથમ નંબર મેળવતો થયો. ભણીગણીને કરીમ એક સારો શિક્ષક બન્યો. તેની વાહ વાહ થઈ. તે ગરીબ બાળકોને મફત ભણાવતો. પાઈ-પૈસો લીધા વગર. વળી તેમને મદદ કરતો તે તો વધારામાં.

કરીમના મિત્રો પણ દંગ રહી ગયા. તે તેના પિતાની જેમ જ બધા જ ધર્મોનો સમાન આદર કરતો. કોઈ જ ઊંચું નથી, કોઈ જ નીચું નથી. બધા જ એક જ ઈશ્વરના સંતાન છીએ. બધા જ ધર્મો એકસમાન છે એવી ભાવનાઓ તેના હૃદયમાં દ્રઢ બનતી ગઈ.

વરસો વહેતા ગયા. કરીમની જેમ તેના મિત્રો પણ ઉદાર મન રાખવા લાગ્યા. ભણીગણીને બધા જ ઊંચા હોદ્દા પર પહોંચ્યા અને ગામનું ગૌરવ વધાર્યું. ગામનું નામ રોશન કર્યું.

સમય વહેતો ગયો, તેની સાથે સાથે કરીમને તેના ગામ માટે વધુ ને વધુ માન થઈ આવ્યું. ભલાભાઈ સાહેબ જેવા તેના આચાર્યશ્રી અને ગુરુજનો માટે તે ઋણ અદા કરવા તૈયાર થયો. તેમને તે હરહંમેશ હૈયામાં યાદ કરતો. વખત આવે તેમને તે મળતો. ધન્ય ધન્ય થતો.

વિદ્યાર્થીઓ હોય તો આવા હોય. કરીમ જેવા આદર્શ હોય. સદ્દભાવના ભારોભાર હોય. તેમાં જ જાણે કે તેમનું કલ્યાણ થતું હોય ! એ જેવી તેવી વાત નથી.

થોડા સમયમાં તો રવિપુર ગામમાં સાચેસાચ સોનાનો સૂરજ ઊગ્યો. એ ગામના સંપ વખાણવા લાયક, ને તેથી પ્રગતિ પણ થતી રહી.

આજુબાજુના ગામડાઓમાં રવિપુરના આદર્શ ગામની સાચી વાત પ્રસરી ગઈ.
રવિપુર ગામ એક નમૂનારૂપ ગામ બની રહ્યું.
આનું નામ જ સાચું ગામ કહેવાય ને ?

- ગોવિંદ દરજી ‘દેવાંશુ’
(આપણી ટુકડી ઝિંદાબાદ)